પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૭ | ૭ સપ્ટેમ્બર, ૨૦૨૧, મંગળવાર; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહાનગરના મહાજંગની જાહેરાત

**બે વખત મુલ્તવી રહેલ મનપાની ચૂંટણી જાહેર : ૩જી ઓક્ટો.ના રોજ મતદાન યોજાશે : વોર્ડ નં. ૮ અને ૯ માં જ માત્ર માન્ય રાજકીય પક્ષના હરિફ ઉમેદવારના અવસાન થતાં આ માન્ય પક્ષના ઉમેદવારો ૧૩મી સપ્ટેમ્બરથી ફોર્મ ભરી શકશે : નોંધાયેલા મતદારો ૨,૮૨,૦૨૫૪**

ગાંધીનગર, તા. ૬

આખરે રાજ્ય ચૂંટણી પંચે આજે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી અંગે મહત્વની જાહેરાત કરી છે. ૩જી ઓક્ટોબરના રોજ મનપાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે મતદાન યોજાશે અને ૫ મીએ મતગણતરી હાથ ધરાશે. અગાઉ આ ચૂંટણી બે વખત મુલ્તવી રાખવામાં આવી હતી જે નોંધનીય છે.

ગાંધીનગર વોર્ડ નં. ૮ અને ૯ ના માન્ય રાજકીય પક્ષના ઉમેદવારના થયેલ દુઃખદ અવસાનને પગલે આ બન્ને વોર્ડમાં આ માન્ય રાજકીય પક્ષના ઉમેદવારો ફોર્મ ભરશે તેમ રાજ્યના ચૂંટણી કમિશનર સંજયપ્રસાદે આજે સ્પષ્ટ જણાવ્યુ છે.

આજે સાંજે પાંચ વાગ્યે પંચના કોન્ફરન્સ હોલમાં તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૧ વોર્ડમાં કુલ ૨,૮૨,૦૫૪ નોંધાયેલા મતદારો છે. જેમાં ૧,૪૫,૨૧૫ પુરૂષ અને ૧,૩૬,૮૩૦ મહિલા મતદારો તેમજ નવ અન્ય મતદારો છે.

આ ચૂંટણીમાં ૪૩૧ બી.યુ. અને ૩૨૭ સી.યુ. ઉપયોગમાં લેવામાં આવશે. શહેરની આ સામાન્ય ચૂંટણી માટે ૨૮૪ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જેમાં ૧૨૯ સંવેદનશીલ અને ૬ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે.

ગાંધીનગર મનપાની સામાન્ય ચૂંટણી માટે ૧૯-૩-૨૧ના રોજ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો પરંતુ કોવિડ-૧૯ ની મહામારીના કારણે આયોગ દ્વારા તા. ૧૦-૪-૨૧ના રોજ ચૂંટણી સ્થગિત કરવાની જાહેરાત કરતા આદેશ જારી કર્યા હતા.

ચૂંટણી કમિશનર સંજયપ્રસાદે જણાવ્યુ હતુ કે આ મુલ્તવી રાખેલ સામાન્ય ચૂંટણીમાં મતદાન પહેલાં વોર્ડ નં. ૮ અને વોર્ડ નં. ૯ ના બે માન્ય રાજકીય પક્ષના ઉમેદવારોના દુઃખદ અવસાન થતાં આ માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર હોવાથી આ બન્ને વોર્ડની તા. ૨૭-૩-૨૧ના રોજ જાહેર કરવામાં આવેલ ચૂંટણી નોટીસ રદ થતાં માત્ર તે વોર્ડ તથા માત્ર તે જ પાર્ટીના ઉમેદવારોને ઉમેદવારીપત્ર ભરવા માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાયો છે. તા. ૨૭-૩-૨૧ના રોજ જે નોટીસ અન્વયે જેઓ હરીફ ઉમેદવાર તરીકે જાહેર થયા છે તેઓ પૈકી કોઈએ પુનઃ ઉમેદવારી પત્ર રજુ કરવાનું આવશ્યક રહેશે નહિ તેમજ રાજ્ય ચૂંટણી આયોગની તા. ૨૭-૩-૨૧ની નોટીસ અન્વયે અન્ય માન્ય રીતે નિર્દિષ્ટ થયેલ ઉમેદવાર પૈકી જે ઉમેદવારોએ તેઓની ઉમેદવારી પાછી ખેંચી છે તેઓ ઉમેદવારી પુનઃ રજુ કરવા ગેરલાયક નથી.

### ગાંધીનગર મનપાનો ચૂંટણી જંગ

કુલ વોર્ડ : ૧૧ ● બેઠક : ૪૪ ● નોંધાયેલા મતદાર : ૨,૮૨,૦૫૪
પુરૂષ મતદાર : ૧,૪૫,૨૧૫ ● મહિલા મતદાર : ૧,૩૬,૮૩૦
ઈ.વી.એમ. : ૪૩૧ બી.યુ. - ૩૨૭ સી.યુ.
મતદાન મથક : ૨૮૪ મતદાન મથક
સંવેદનશીલ : ૧૨૯ ● અતિ સંવેદનશીલ : ૬
પોલિંગ સ્ટાફ : ૧૭૭૫ કર્મયોગી ● પોલિસ સ્ટાફ : ૧૨૭૦ કર્મયોગી
ચૂંટણી અધિકારી : ૫ ● મતદનીશ ચૂંટણી અધિકારી : ૫

તેમણે કહ્યુ હતુ કે આ સામાન્ય ચૂંટણી ઈ.વી.એમ.થી યોજાશે. કોવિડ-૧૯ મહામારીના પ્રતિરોધક પગલાં લેવા સારૂ આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા માર્ગદર્શિકા સાથે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

ચૂંટણી કાર્યક્રમની વિગતો આપતાં તેમણે જણાવ્યુ હતુ કે ચૂંટણીનું જાહેરનામુ ૧૩-૯-૨૧ના રોજ પ્રસિદ્ધ થશે. ઉમેદવારીપત્ર ભરવાની અંતિમ તારીખ ૧૮-૯-૨૧ રહેશે. ઉમેદવારી પત્રની ચકાસણી ૨૦ સપ્ટેમ્બરે થશે જ્યારે ૨૧ સપ્ટેમ્બર સુધીમાં ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે. ચૂંટણીનું મતદાન ૩જી ઓક્ટો.ના રોજ યોજાશે અને મતગણતરી ૫ મી ઓક્ટો.ના રોજ થશે. ચૂંટણી કમિશનર સંજયપ્રસાદે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ચૂંટણીની જાહેરાત પંચ દ્વારા કરવામાં આવતા પૂર્વે તેમણે આરોગ્ય વિભાગના અને પોલીસતંત્રના તેમજ જિલ્લાતંત્રના અધિકારીઓ સાથે પરામર્શ કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે શહેરમાં કોરોનાની સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે તેમજ ચોમાસાની ઋતુને લઈ થતા વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાની સ્થિતિ પણ નિયંત્રણ હેઠળ છે.

મતદાર યાદી ભારતના ચૂંટણી પંચની ઉપયોગમાં લેવાતી હોય છે એટલે તેમાં જે સુધારા-વધારા થયા હશે તે માન્ય રહેશે અમે કોઈ અલગથી મતદાર નોંધણી કરતા નથી. ચૂંટણી ખર્ચ અંગેની મર્યાદામાં બે વખત ચૂંટણી મુલ્તવી રાખતાં ખર્ચની મર્યાદામાં કોઈ છૂટછાટ ખાસ કિસ્સામાં પણ આપવામાં આવશે નહિ. ખર્ચની મર્યાદાનું પાલન ઉમેદવારોએ કરવાનું રહેશે.

## તા.પં.ની આદરજ મોટી અને માણસાની ન.પા.ની એક બેઠકની પેટા-ચૂંટણી યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકાની સાથે માણસા નગરપાલિકાની એક બેઠક તેમજ ગાંધીનગર તાલુકા પંચાયતની એક બેઠક માટેની પેટા-ચૂંટણી પણ યોજાશે.

રાજ્ય ચૂંટણી પંચે આજે ગાંધીનગર મહાનગરપાલિકા, થરા નગરપાલિકા તેમજ ઓખા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ સાથે ભાણવડ ન.પા.ની મધ્યસત્ર ચૂંટણી ઉપરાંત વિવિધ મનપા ન.પા.ની ૩૯ બેઠકોની પેટા-ચૂંટણી ૮ જિ.પં.ની ખાલી પડેલી તેમજ ૪૭ તા.પં.ની ખાલી પડેલી બેઠકોની પેટા-ચૂંટણી યોજાશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની આદરજ મોટી બેઠકની પેટા-ચૂંટણી યોજાશે જ્યારે માણસા વોર્ડ નં. ૪ ની સામાન્ય સ્ત્રીની ખાલી પડેલી એક બેઠક માટેની પેટા-ચૂંટણી યોજાશે.

## સૌની અનુકૂળતાને ધ્યાને લઈ સમયમાં ફેરફાર સહજતાથી કર્યો છે : સંજયપ્રસાદ

**સરકારની જાહેરાતોને અમારે કોઈ સંબંધ નથી : પંચ સ્વતંત્ર છે અને સ્વતંત્ર રીતે જ કામ કરે છે**



ગાંધીનગર, તા. ૬

રાજ્ય ચૂંટણી પંચે પત્રકાર પરિષદના સમયમાં ફેરફાર માત્ર સૌની અનુકૂળતાને ધ્યાને રાખી કર્યો છે.

ચૂંટણી પંચના કમિશનર સંજયપ્રસાદને આજે પત્રકાર પરિષદ દરમ્યાન સમયમાં ફેરફાર કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ આપવાની જાહેરાત તેમજ ટાઉનહોલના રિનોવેશન અંગેની ખાત વિધિને લઈ કરવામાં આવ્યો છે કે કેમ ? તેવા પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે ઉપર મુજબ જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે આ જાહેરાતની સાથે જ ચૂંટણીની આચારસંહિતાનો અમલ શરૂ થશે. સરકાર જાહેરાત કરવાની હતી કે નહિ તેની અમને કોઈ ખબર નથી. પંચ સ્વતંત્ર રીતે જ કામ કરે છે અને કરતુ રહેશે.

સંજયપ્રસાદે જણાવ્યુ હતુ કે કોવિડ-૧૯ની ગાઈડલાઈનની અમલવારી ચૂંટણી પ્રચાર અભિયાનમાં પણ કરવાની રહેશે. ઉમેદવારો આજથી તેમનો પ્રચાર શરૂ કરી શકે છે.

તેમણે જણાવ્યુ હતુ કે પંચ પણ ગાઈડલાઈનના અમલીકરણને લઈ જરૂરી તમામ કાર્યવાહી કરશે.

ગાંધીનગર શહેરમાં કોરોના, વાહકજન્ય કે પાણીજન્ય રોગચાળાના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યુ છે.

# વેક્સિનની ખરાઈ માટે ગાઈડલાઈન જાહેર

**કોરોના વેક્સિન અભિયાનમાં નકલી વેક્સિનની ઘટનાઓથી ચિંતા : સામાન્ય લોકો નહીં પણ વેક્સિન ઉપલબ્ધ કરાવવાનું કામ જોઈ રહેલા પ્રશાસનના લોકોને વર્તમાન ગાઈડલાઈન્સથી ચોક્કસ મદદ મળી શકશે**




નવી દિલ્હી, તા.૬

ભારતમાં કોરોના વેક્સિનેશન અભિયાન ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે પરંતુ આ બધા વચ્ચે મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળમાં કેટલીક જગ્યાએ નકલી કોરોના વેક્સિન લગાવવાની ઘટનાઓ પણ સામે આવી છે. આવી ઘટનાઓ પર લગામ કસવા માટે સરકાર પ્રશાસન ઉપરાંત સામાન્ય લોકોને પણ જાગૃત કરી રહી છે. ભારતમાં લગાવાઈ રહેલી કોવિશીલ્ડ, કોવેક્સિન અને સ્પુતનિક-વીની અસલીયત કેવી રીતે પારખવી તે માટે ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી છે.

સામાન્ય લોકો ભલે વેક્સિન અસલી છે કે નકલી તે અંગે જલ્દી ન સમજી શકે પરંતુ વેક્સિન ઉપલબ્ધ કરાવવાનું કામ જોઈ રહેલા પ્રશાસનના લોકોને વર્તમાન ગાઈડલાઈન્સથી ચોક્કસ મદદ મળશે. એડિશનલ સચિવ મનોહર અગનાનીએ કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્યોના તમામ એડિશનલ મુખ્ય સચિવો અને પ્રધાન સચિવો (સ્વાસ્થ્ય)ને એક પત્ર લખ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના વેક્સિનના ઉપયોગ પહેલા તેને સાવધાનીપૂર્વક પ્રમાણિત કરવાની

● અનુસંધાન પાન-૭ પર

# તાલિબાનના નેતા સાથે UNના અધિકારીએ મુલાકાત કરી

**સંયુક્ત રાષ્ટ્રએ અફઘાનિસ્તાનને સમર્થન આપ્યુંઃ રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિના પ્રમુખ પીટર મૌરર અફઘાનિસ્તાનની ત્રણ દિવસની યાત્રા પર પહોંચ્યા હતા**

કાબુલ,તા.૬

અફઘાનિસ્તાન પર તાલિબાને કબજો કર્યો ત્યારથી જ દુનિયાભરના લોકોને અફઘાનિસ્તાનના નાગરિકોની સુરક્ષા અને માનવ અધિકારોની ચિંતા થઈ રહી છે. જો કે તાલિબાનના નેતાઓ સતત એવો દાવો કરતા આવ્યા છે કે લોકોના અધિકારોની સુરક્ષા કરવામાં આવશે. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના માનવીય બાબતોની એજન્સીના પ્રમુખ માર્ટિન ગ્રિફિથ્સે તાલિબાનના નેતા મુલ્લા બરાદર સાથે મુલાકાત કરી છે. કાબુલના વિદેશ મંત્રાલયમાં થયેલી આ મુલાકાત દરમિયાન માર્ટિન ગ્રિફિથ્સે જણાવ્યું કે, સંયુક્ત રાષ્ટ્ર અફઘાનિસ્તાન સાથે સમર્થન અને સહયોગ ચાલુ રાખશે. માનવીય બાબતો અને કટોકટીના સમયમાં રાહત પહોંચાડવા માટે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ માર્ટિન ગ્રિફિથ્સે મુલ્લા બરાદર સાથે મુલાકાત કર્યા પછી ટ્વિટ કરી અને લખ્યું કે- મેં અફઘાનિસ્તાનમાં લાખો જરુરતમંદ લોકોની નિષ્પક્ષ માનવીય સહાયતા અને સુરક્ષા પૂરી પાડવાના હેતુસર સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબદ્ધાની પૃષ્ટિ કરવા માટે તાલિબાનના નેતૃત્વ સાથે મુલાકાત કરી હતી. રેડ ક્રોસની આંતર્રાષ્ટ્રીય સમિતિના પ્રમુખ પીટર મૌરર અફઘાનિસ્તાનની ૩ દિવસની યાત્રા પર પહોંચ્યા હતા. રવિવારના રોજ અફઘાનિસ્તાન પહોંચ્યા પછી પીટરની યોજના આરોગ્ય સુવિધાઓ અને હિંસાનો શિકાર લોકો માટે બનાવવામાં આવેલા પુનર્વસનના કેન્દ્રોની મુલાકાત લેવાની છે. આ સિવાય તે આઈસીઆરસીના કર્મચારીઓ સાથે પણ મુલાકાત કરશે. આઈસીઆરસી પ્રમુભ અફઘાનિસ્તાનના સ્થાનિક અધિકારીઓ સાથે પણ મુલાકાત કરશે. ઉલ્લેખનીય છે કે રવિવારના રોજ સમાચાર મળ્યા હતા કે હક્કાની નેટવર્કના નેતા અનસ હક્કાની અને ખલીલ હક્કાનીની તાલિબાનના નેતા મુલ્લા બરાદર અને મુલ્લા યાકુબ સાથે ઝડપ થઈ હતી.



## કેરળ બાદ તામિનાડુમાં પણ નિપાહ વાયરસનો કેસ નોંધાયો

નવી દિલ્હી, તા.૬

દેશમાં કોરોનાની બીજી લહેરનો પ્રકોપ પૂરો નથી થયો ત્યાં વધુ એક વાયરસે પોતાનો પરચો દેખાડવાનું શરૂ કરી દીધું છે. કેરળમાં તાજેતરમાં નિપાહ વાયરસનો કેસ નોંધાયો હતો ત્યારે હવે તમિલનાડુમાંથી પણ એક કેસ સામે આવ્યો છે. કોઈમ્બતુરના જિલ્લાધિકારીએ તેમના ત્યાં નિપાહ વાયરસનો કેસ નોંધાયો હોવાની માહિતી આપી હતી. સાથે જ તમામ પ્રકારની સાવધાનીઓ વર્તવામાં આવી રહી હોવાનું પણ જણાવ્યું હતું. હવે ભારે તાવ સાથે જે પણ કેસ સરકારી હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે તેની યોગ્ય રીતે તપાસ કરવામાં આવશે. કેરળમાં રવિવારે નિપાહ વાયરસના કારણે ૧૨ વર્ષની ઉંમરના એક બાળકનું મોત થયું હતું જેને લઈ સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. કોઝિકોડ ખાતેની ખાનગી હોસ્પિટલમાં તે બાળકની સારવાર ચાલી રહી હતી અને આખરે તેણે દમ તોડી દીધો હતો. કેરળમાં કોરોનાના કારણે સ્થિતિ કથળેલી છે તેવામાં નવા વાયરસના આગમનથી ચિંતા વધી છે. દેશમાં કોરોનાના વર્તમાન કેસ પૈકીના ૭૦ ટકા કેસ કેરળમાંથી નોંધાઈ રહ્યા છે.

**આનંદ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર**

ચોથા માળે, સાર્થક મોલ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૯૭૫૦૭૮૮, મો. ૯૮૯૮૩ ૨૦૫૫૦

**સરકાર માન્ય કોવીશીલ્ડ અહીંયા ઉપલબ્ધ છે.**

સમય : સવારે ૯ થી સાંજે ૫
સરકાર માન્ય ભાવ રૂા. ૭૮૦/- પર ડોઝ

# સેન્સેક્સ ૫૮ હજારને પાર

**નિફ્ટીમાં ૫૪ પોઈન્ટ ઊછાળો જોવાયો : શેરબજારમાં સપ્તાહના પ્રથમ દિવસે તેજી : ટાટા સ્ટીલ, પાવર ગ્રિડ, એશિયન પેઈન્ટ, એચડીએફસી, ટીસીએસ અને એચડીએફસી બેન્કના શેરોમાં ગિરાવટ**

મુંબઈ, તા.૬

સપ્તાહના પ્રથમ કારોબારી દિવસ એટલે કે સોમવારે દિવસભરના ચઢાવ ઊતાર બાદ શેર બજાર વૃધ્ધિ સાથે બંધ થયું. સોમવારે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સુચકાંક સેન્સેક્સ ૧૬૬ પોઈન્ટના વધારા સાથે ૫૮,૨૯૬.૯૧ના સ્તરે બંધ થયો. તો વળી નેશનલ સ્ટોક એક્સચેન્જનો સુચકાંક નિફ્ટી ૫૪.૨૦ પોઈન્ટના વદારા સાથે ૧૭,૩૭૭.૮૦ના સ્તરે બંધ થયો હતો. આજે સપ્તાહના પહેલા કારોબારી દિવસે શેર બજાર ખુલતા જ તેમાં તેજી જોવા મળી. આજે સવારે ૯.૨૨ વાગે બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૮૩.૮૨ પોઈન્ટના ઊછાળા સાથે ૫૮,૪૧૩.૭૭ના સ્તર પર કારોબાર કરી રહ્યો હતો. આ સાથે જ નિફ્ટી પણ ૬૩.૬૫ પોઈન્ટની વૃધ્ધિ સાથે ૧૭,૩૮૭.૨૫ના સ્તર પર કારોબાર કરી રહ્યો હતો. આજના દિવસે સેન્સેક્સમાં રિલાયન્સ, લાર્સન એન્ડ ટર્બો, બજાજ ફાયનાન્સ, બજાજ ઓટો, મારૂતિ, એક્સિસ બેંક, હિંદુસ્તાન લિવર, એમએન્ડએમ, હેલ્થટેક, અલ્ટ્રાકેમકો અને આન્ફીના શેરમાં વધારા સાથે કારોબાર કરી રહ્યા હતા જ્યારે ટાટા સ્ટીલ, પાવર ગ્રિડ, એશિયન પેઈન્ટ, એચડીએફસી,ટીસીએસ અને એચડીએફસી બેંકના શેરોમાં ગિરાવટ જોવા મળી.



દરમિયાન ગત સપ્તાહે સેન્સેક્સ ૨૭૭ પોઈન્ટ ઉપર જઈને ૫૮,૧૯૪.૭૯ પોઈન્ટ પર બંધ થયો હતો. સેન્સેક્સ શુક્રવારે ૫૮,૧૯૪.૭૯ના સ્તરને સ્પર્શ્યો તો ખરોપણ હતો કે જે અત્યાર સુધીનો સૌથી ઊચો સ્તરનો આંકડો હતો. તો વળી છેલ્લા સપ્તાહે નિફ્ટી પણ ૮૯.૪૫ પોઈન્ટ ઉપર ૧૭,૩૨૩.૬૦ પર બંધ થયો હતો. આ ઉપરાંત આજે સવારે દેશની સૌથી મુલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીસ લિમિટેડના શેરોમાં તેજી જોવા મળી. આજે બજાર ખુલતા જ કંપનીએ પોતાની જૂની તેજીને જારી રાખતા શેરબજારમાં ચાર ટકાનો વધારો હાંસલ કરી લીધો.

## ઝારખંડ વિધાનસભામાં ભાજપે ભજન-કિર્તન કર્યા

રાંચી, તા.૬

સોમવારે ઝારખંડ વિધાનસભામાં ભારે હંગામો થયો હતો. વિધાનસભા પરિસરમાં નમાજ માટે અલગ રૂમ ફાળવવામાં આવ્યો તેને લઈ આ પ્રકારે વિવાદ થયો હતો. ભાજપના ધારાસભ્યોએ તેને લઈ ભારે હંગામો કર્યો હતો અને નમાજ માટે ફાળવવામાં આવેલો રૂમ રદ કરવા માગણી કરી હતી. એટલું જ નહીં, ભાજપના ધારાસભ્યોએ વિધાનસભામાં જ ભજન-કીર્તન શરૂ કરી દીધા હતા. વિધાનસભામાં સોમવાર સવારથી જ ભક્તિનો માહોલ સર્જાયો હતો અને ભાજપના ધારાસભ્યો ઢોલ-મંજીરા લઈને પહોંચી ગયા હતા. ધારાસભ્યો ત્યાં હરે રામા-હરે કૃષ્ણા ગાઈ રહ્યા હતા તો ઘડીક હર હર મહાદેવ અને જય શ્રી રામના નારા લગાવી રહ્યા હતા.

**એક Bazaar®**

એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
અબ દુનિયા સે ધંધા આપકી ભાષામે

તમારો બિઝનેશ તમારી જ ભાષામાં કોઈપણ ભાષાનાં વ્યક્તિ સાથે ૧૭૫ દેશોમાં, ૧.૭૫ કરોડથી વધુ ખરીદનાર અને વેચનાર સાથે Ek Bazaarની સાઈટ દ્વારા સરળતાથી તમારી શરતે કરી શકો છો

૧ મહિના માટે ચાર્જ ફક્ત | ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-

ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો www.ekbazaar.com

M. 9019217734 7676911802 | Help Line 18003091349